ઘણા બધા બોઝો

લિલિયન મૂર

ચિત્ર: સુસાન પર્લ



ઘણા બધા બોઝો

લિલિયન મૂર

ચિત્ર: સુસાન પર્લ

"માઁ," ડેની ડ્રેકે કહ્યું.

"શું મને એક પાળેલો કૂતરો મળી શકે?"

ડેનીની માઁ એ ડેની તરફ જોયું.

"ડેની ડ્રેક," માઁ એ કહ્યું.

"તેં મને ગયે અઠવાડીએ પણ આ જ પ્રશ્ન પૂછ્યો હતો.

અને મેં શું કહ્યું હતું?"

"ના," ડેની એ કહ્યું.

"એના પહેલાના અઠવાડિયે પણ તેં મને

આ જ સવાલ પૂછ્યો હતો," એની માઁ એ કહ્યું.

"અને મેં શું જવાબ આપ્યો હતો?"

"ના," ડેની એ કહ્યું.

ડેનીની માઁ એ કહ્યું, "નહીં! મને માફ કર, ડેની.

આપણું ઘર એક કૂતરા માટે બહુ નાનું છે."

"પણ મારી પાસે કૂતરા માટે એક સરસ નામ છે,"

ડેની એ કહ્યું. "હું એને બોઝોના નામથી બોલાવવા ચાહું છું."

"નહીં, ડેની," એની માઁ એ કહ્યું.

પછી ડેની સમજી ગયો કે

હવે ચૂપ રહેવાનો સમય થઈ ગયો છે.

ડેની રમવા માટે પાર્ક તરફ દોડયો.

એ આખી સવાર એના મિત્ર

પીટ સાથે પાર્કમાં રમતો રહ્યો.

એ એક ચાંચિયાના જહાજ પર

ચાંચિયા હોવાની રમત રમી રહ્યા હતા.

પાર્કનું નાનું ઝરણું એને માટે

મોટી નદી હતી.

સમુદ્રી ડાકુ એના જહાજમાં

નદીમાં ફરતા રહેતા હતા.

ડેનીએ સૌથી પહેલા એક નાના દેડકાને જોયો.

એ તરત એને પોતાનો પાળેલો દેડકો બનાવવા ચાહતો હતો.

પીટે એને પકડવામાં એની મદદ કરી.

એને એક ડબ્બો મળ્યો અને એમણે દેડકાને એમાં રાખી દીધો.

પછી ડેની દેડકાને ઘરે લઈ ગયો.

"શું વાત છે!" ડેનીએ દેડકાને કહ્યું.

"મને ખુશી છે કે હું તને શોધી શક્યો.

માઁ તો ચોંકી જશે!"

માઁ ખરેખર ચોંકી ગઈ. ડેનીએ દેડકાના ડબ્બાને ઉપર ઉઠાવ્યો.

"હવે મારી પાસે એક પાળેલું પ્રાણી છે,"

એણે એની માઁ ને કહ્યું.

"શું તારે એને હાથમાં રાખવો છે?"

"ના, આભાર," ડેનીની માઁ એ કહ્યું.

"હું મારા પાલતુ પ્રાણીનું નામ બોઝો રાખીશ,"

ડેનીએ કહ્યું. "બોઝો દેડકો."

"કૃપા કરીને બોઝો દેડકાને તારા રૂમમાં જ રાખજે,"

ડેનીની માઁ એ કહ્યું.

ડેનીએ બોઝો દેડકાને એના રૂમમાં રાખ્યો
અને એની સારી રીતે દેખભાળ કરી.
એણે એને માટે એક સરસ ઘર બનાવ્યું
અને એને ખાવા માટે માંસના ટૂકડા આપ્યા.

દેડકો કેટલો મજેદાર હતો!
અને એ કેટલો ઊંચો કૂદકો મારતો હતો!
પહેલા ડેનીએ એક ચોપડી નીચે રાખી.
બોઝો એના ઉપરથી કૂદી ગયો.
ડેનીએ બે ચોપડીઓ રાખી, પછી ત્રણ.
બોઝો એ બધાની ઉપરથી કૂદી ગયો!

એક દિવસ બોઝોએ એક વધારે પડતી
છલાંગ લગાવી.

એના રૂમનો દરવાજો ખુલ્લો હતો.

બોઝો દરવાજાની બહાર જતો રહ્યો.

કૂદ્યો! કૂદ્યો!

એ ડેનીના રૂમની બહાર કૂદીને ગયો.

કૂદ્યો! કૂદ્યો! કૂદ્યો!

એ અહીં-તહીં,

આખા ઘરમાં કૂદી રહ્યો હતો.



આખરે બોઝોને સૌથી સારી જગ્યા મળી ગઈ.

એ પાણી વાળી જગ્યા હતી,

એટલે એ સીધો એમાં કૂદી ગયો.

હવે એ રસોડાની ખાળકૂંડીમાં હતો.

ખાળકૂંડી વાસણોથી ભરેલી હતી.

બોઝો માઁ ની સૌથી પ્રિય લીલી તાસકમાં બેસી ગયો.

ડેનીની માઁ વાસણ ધોવા આવી.

બોઝોને જોતાજ માઁ એ ચીસ પાડી.

બોઝો એટલો ડરી ગયો

કે એ ખાળકૂંડીમાંથી બહાર કૂદી ગયો,

બરાબર ડેનીની માઁ તરફ!

"મારી ખાળકૂંડીમાં એ દેડકો! ઓહ!" માઁ એ ચીસ પાડી.

"ડેની, તું એ દેડકાને તરત ઘરની બહાર કાઢ!"

દુ:ખી થઈને ડેનીએ બોઝોને ડબ્બામાં નાખ્યો

અને એ ફરી પાર્ક તરફ ચાલવા લાગ્યો.

રસ્તામાં એને એનો મિત્ર બિલી મળ્યો.

"જો મારી પાસે શું છે!" બિલીએ કહ્યું.

એણે એક નાનું પાંજરું ઉપર ઉઠાવ્યું.

"જો મારી પાસે શું છે!" ડેનીએ કહ્યું.

એણે એનો ડબ્બો થોડો ખોલ્યો.

અને ત્યાં જ બંને એ અદલા-બદલી કરી!

બિલીએ ડબ્બો લઈ લીધો અને ડેનીએ પાંજરું.

ડેની દોડીને ઘરે પહોંચ્યો.

"ઓહો!" એ મનમાં બોલ્યો.

"હું બિલીને મળીને કેટલો ખુશ છું.

માઁ કેટલી ચોંકી જશે!"

માઁ ખરેખર ચોંકી ગઈ.

ડેનીએ એને દેખાડવા માટે પાંજરું ઉપર ઉઠાવ્યું.

એમાં એક નાનો સફેદ ઉંદર હતો.

"આ મારું નવું પાળેલું પ્રાણી છે," ડેનીએ કહ્યું.

"હું એને બોઝો કહીને બોલાવીશ.

બોઝો ઉંદર."

ડેનીએ ઉંદરને બહાર કાઢ્યો

અને એને એના સ્વેટરથી લટકવા દીધો.

"જુઓ માઁ," એણે બૂમ પાડી, "જુઓ બોઝો શું કરે છે!

શું તમારે એવું કરવું છે?"

"નહીં, આભાર," ડેનીની માઁ એ કહ્યું.

"અને ડેની ડ્રેક, એ ઉંદરને તારા રૂમમાંથી બહાર નીકળવા નહીં દેતો!"

"ચોક્કસ, માઁ," ડેની એ કહ્યું.

"બોઝો ઉંદર ખાળકૂંડીમાં નહીં જાય."

ડેનીએ બોઝો ઉંદરની સરસ દેખભાળ કરી.

એણે બોઝોનું પાંજરું સાફ કર્યું.

એણે એમાં ખાવાનું અને પાણી ભર્યાં.

એ રોજ બોઝો સાથે રમતો હતો.

બોઝો ઉંદર ખાળકૂંડીમાં ન ગયો.

પણ એક સવારે એ એના પાંજરામાંથી બહાર નીકળીને ભાગ્યો.

એ ડેનીના રૂમની બહાર નીકળ્યો.

અને એ રસોડામાં જતો રહ્યો.

બોઝો ઉંદર સુંઘવા લાગ્યો.

રસોડામાં સરસ સુગંધ ફેલાયેલી હતી.

ડેનીની માઁ એ હમણાંજ

કેકના વેચાણ માટે એક મોટી કેક બનાવી હતી.

એ કેક વેચવા માટે જ હતી,

જ્યાં સુધી બોઝો ઉંદરે એને જોઈ ન હતી.

બોઝો ઉંદરને એ કેક બહુ પસંદ આવી.

જ્યારે ડેનીની માઁ એ કેક જોઈ,

તો એણે ચીસ પાડી, "મારી કેક!

ઓહ, મારી સુંદર કેક!"

પછી એણે કહ્યું, "ડેની ડ્રેક, એ કેક ખાવાવાળા ઉંદરને

તરત જ ઘરની બહાર કાઢ!"

દુઃખી થઈને ડેનીએ બોઝો ઉંદરને એના પાંજરામાં નાખ્યો.

"બોઝો ઉંદરને લઈ જવા માટે સૌથી સારી જગ્યા,"

ડેનીએ વિચાર્યું, "પાળેલા પ્રાણીની દુકાન છે.

કારણકે બિલે એને ત્યાંથી જ ખરીદ્યો હતો."

ડેની બોઝો ઉંદરને પાલતુ પ્રાણીની દુકાને લઈ ગયો.

દુકાનવાળો સફેદ ઉંદર પાછો આવેલો જોઈને ખુશ થયો.

ડેની અને પાલતુ પ્રાણીના દુકાનવાળાએ કંઈક અદલા-બદલી કરી.

"એમાં શું છે?" માઁ એ પૂછ્યું.

ડેનીએ ડબ્બો ઉપર ઉઠાવ્યો.

"આ કીડીની વસાહત છે," ડેનીએ એને કહ્યું.

"આ બધી કીડીઓ દેખાય છે?

હું એને કામ કરતા અને બધું કરતા જોઈ શકું છું."

"કીડી!" ડેનીની માઁ એ ચીસ પાડી.

"હવે તો મને આખા ઘરમાં

ફક્ત કીડીઓ જ કીડીઓ દેખાશે.

ઘરમાં કોઈ કીડીઓ નહીં, ડેની ડ્રેક!

અને હું મક્કમ છું!"

"માઁ," આખરે ડેની ડ્રેકે કહ્યું,

"જુઓ, મને કોઈને કોઈ પાળેલું જાનવર તો જોઈએ જ છે."

"હા," ડેનીની માઁ એ કહ્યું, "હું એ જોઈ રહી છું!"

માઁ એ ડેનીને આલિંગન આપ્યું. "મને તારા માટે

સાવ યોગ્ય પાલતુ પ્રાણીની ખબર છે," માઁ એ કહ્યું.

"શું એ દેડકાથી વધારે સારું છે?" ડેનીએ પૂછ્યું.

"ઘણું વધારે સારું," એની માઁ એ કહ્યું.

"શું એ સફેદ ઉંદરથી વધારે સારું છે?"

"ઘણું, ઘણું વધારે સારું," એની માઁ એ કહ્યું.

"શું એ આ કીડીઓની વસાહતથી વધારે સારું છે?"

"હા, હા!" એની માઁ એ કહ્યું.

"ઘણું, ઘણું, ઘણું વધારે સારું!"



"ડેની ડ્રેક," માઁ એ કહ્યું,

"તને કૂતરો કેવો લાગશે?"

"એક કૂતરો!" ડેનીએ ચીસ પાડી. "એક કૂતરો!"

"એક નાનો કૂતરો," ડેનીની માઁ એ કહ્યું,

"કારણકે આપણું ઘર નાનું છે. એક સાચો નાનો કૂતરો."

"અરે વાહ!" ડેનીએ ચીસ પાડી. "એક કૂતરો!

અને અનુમાન કરો કે હું એનું નામ શું રાખીશ."

"બોઝો," ડેનીએ કહ્યું. "બોઝો કૂતરો."

"બોઝો!" ડેનીની માઁ એ કહ્યું.

"કેટલા આશ્ચર્યની વાત છે!"